નમસ્કાર ગાંધીનગર

પમરાટ

વૃક્ષો જોવે ખેલ નિરાળો,
એ.સી. પર બાંધ્યો છે માળો.
મોક્ષ તરફ આ પ્રયાણ કેવું!
અમર થવાનો ચડતો ચાળો
સપનાં ભીતર સપનું તૂટ્યું,
નીંદર કરતી લોહી-ઉકાળો.
પાંચ મિનિટમાં બહાર આવું,
મળે જો જન્માંતરનો તાળો.

- કુલદીપ કારિયા

પાથેય

- રમેશ ઠક્કર

એક અનોખો ઉપહાર

સરળતા જેવો કોઇ સથવારો નથી હોતો.આપણે કારણવગર આપણા રોજિંદા કારોબારને અટપટો બનાવતા રહીએ છીએ..માણસને મૂડીમાં શું જોઈએ ? ઉમાશંકર જોશી કહે છે એમ 'હૈયું મસ્તક હાથ બહુ દઈ દીધું નાથ..જા ચોથું નથી માગવું..' બસ આટલો જ વૈભવ જોઈએ જીવનને પૂરબહારમાં ખીલવવા માટે..આટલી સાદી સમજણ છતાં છાસવારે નવી પળોજણ એ આપણી નિયતિ હોય છે..

કોઈપણ મહાન માણસના જીવનની એક સામાન્ય ખાસિયત હોય છે..સાદું જીવન ઉચ્ચ વિચાર..એક અર્થમાં તો સાદુ જીવે એનું નામ જ સાધુ..આપણે વાણી અને વ્યવહાર બંનેમાં જો સંયમ રાખીએ તો ઘણી બધી બાબતો આપમેળે સરળ બની જાય છે..જીવન એક ધસમસતો પ્રવાહ જરૂર છે પણ એમાં જે હોડી લઈને આપણે સફર કરીએ છીએ એ ભારરહિત હોવી જોઇએ..ઘણીવાર મધદરિયે ભારેખમ વહાણ કરતાં એક નાનકડો તરાપો વધારે સલામત બની જાય છે.

આપણે જેને સફર અથવા નિવડેલા માણસો માનીએ છીએ એમની અને આપણી વચ્ચે દેખીતી રીતે કોઇ મોટો તફાવત હોતો નથી..એ પણ મારા તમારા જેવા સાધારણ માણસો જ હોય છે..ફરક એ છે કે એ પોતાની સફરમાં કારણ વગરનો ભાર સાથે રાખતા નથી..સાદગી અને સહજ જીવનવ્યવ્હાર એમને બીજાથી અલગ પાડે છે..સરળ સ્વભાવને કારણે એ પારદર્શક હોય છે.. કોઇપણ બાબતે એમને બિનજરૂરી સ્પષ્ટતાઓ કરવાની આવશ્યકતા રહેતી નથી..હસીને જેમ હળવા રહેવાની કળા ઘણાને હસ્તગત હોય છે એવી જ સહજ આર્ટ સરળ માણસો પાસે પણ હોય છે.

સાદગીને આપણે સરળતાનું પ્રથમ પગથિયું જ ગણવું પડે.જે માણસ જરૂરિયાતો ઉપર કાબૂ રાખી શકે એ જ હળવાશથી રહી શકે..સાદા આચરણથી જીવતો માણસ કારણ વગરની સ્પર્ધા કે દેખાદેખીથી આપોઆપ બચી જાય છે..જેના કારણે એ સંતાપ અને તણાવથી રાહત અનુભવે છે... એની શકિતઓનો સંચય થાય છે. આવા માણસો પાસે સમયની પુષ્કળ બચત થાય છે..જેનો એ ઘણા મહત્વનાં કામોમાં ઉપયોગ કરી શકે છે.

આજના હાડમારી અને દોડધામના સમયમાં આમ પણ માણસની સામે અનેક પડકારો છે..નોકરી કે વ્યવસાયમાં અનિવાર્ય હોય એવી દોડધામ કે અટપટી પળોજણ આપણે જાણેઅજાણે અનુસરવી પડતી હોય છે... આ બધી ધમાલની વચ્ચે આપણે જો સરસ જીવન પધ્ધતિ અપનાવી આપણી રોજિંદી દિનચર્યા ગોઠવીએ તો જીવનનો એક અલગ નિખાર ઉભરી આવતો હોય છે !

પાંચ રાજયોમાં ચૂંટણી

તંત્રીસ્થાનેથી...

પાંચ રાજયોની ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ જાહેર થઈ ગયો છે. સાથે જ કોરોનાની ત્રીજી લહેરનો કાર્યક્રમ પણ ચાલુ થયેલ છે. જેનું પીક બરાબર એ ચૂંટણીના પ્રચાર સમય અને મતદાનના સમય સાથે આવે એવી નિષ્ણાતોની આગાહી છે. ચૂંટણીઓ ટાળી શકાઈ હોત, પરંતુ એથી રાજકીય પક્ષોએ કરેલ પ્રચારકાર્ય પાછળની મહેતન અને જંગી ખર્ચ માથે પડવાની સંભાવના હતી. વારંવાર ગળું દુખાડવાનું નેતાઓને પણ ન ગમે. વળી એવડાં મોટાં ટોળાં ફરી ફરીને ભેગાં કરવાં એ પણ ધાર્યા જેટલું સહેલું નતી. ટોળાં પૈકી નેવું ટકા લોકો માટે રીતસર નાણાંકીય આયોજન કરવું પડે છે તે હવે કોઈથી અજાણ્યું નથી. એ પણ અજાણ્યું નથી કે ભીડ પોતાની કલ્પના અનુસાર ના કરી શકાય તો વડાપ્રધાનને પણ કાર્યક્રમ મોકુફ રાખવા માટે કોઈ ભળથું જ બહાનું શોધવું પડે છે. ચૂંટણીઓ પાંચ રાજયોની છે જેમાં દેશનું સૌથી મોટું અને સત્તાના માપદંડથી સૌથી વધુ મહત્ત્વ ધરાવતું ઉત્તરપ્રદેશ સામેલ છે. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળની જેમ આ વિશાળ રાજયની ચૂંટણી લગભગ એક મહિનાના ગાળામાં સાત તબક્કે પૂરી કરવાનું આયોજન કર્યું છે. પંજાબ, ઉત્તરાખંડ અને ગોવામાં એક જ દવસે મતદાન થશે અને ઉત્તરપૂર્વના મણિપુરમાં બે તબક્કે. આખી પ્રક્રિયા મતગણતરી સાથે ૧૦ માર્ચના રોજ પૂરી થશે. પાંચેય રાજયો કબજે કરવાં ભાજપને તો ગમે જ.... પણ અત્યારે પ્રવર્તતી પરિસ્થિતિમાં આ ચૂંટણી - જો ન્યાયપુર:સર થાય તો - સત્તાધારી પક્ષ માટે 'સીધાં ચઢાણ' જેવી છે. ઉત્તરપ્રદેશ સૌથી પ્રતિષ્ઠાનું રાજય બની રહ્યું છે. જયાં માત્ર અને માત્ર 'હિંદુત્વ' ના સહારે યોગી આદિત્યનાથ એમની નાવ પાર કરવા મથી રહ્યા છે. મોદી અલબત્ત મૂંઝાયેલા છે પણ એમની પાસે ઉત્તરપ્રદેશ માટે બીજો વૈકલ્પિક ચહેરો નથી. પંજાબમાં ભાજપને ડૂબતાનું તરણું મળે એમ પૂર્વ કોંગ્રેસી મહારથી અને મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહનો સમર્થક ચહેરો મળી ગયો છે. સોનિયા ગાંધીએ એ ચહેરો મોદીજીને સોનાની તાસકમાં પીરસી દીધો છે. સિદ્ધુના ફાંકા લાંબો સમય ચાલે એ વાતમાં માલ નથી. કોંગ્રેસને ચંડીગઢની જગતાએ કોર્પોરેશનની ચૂંટણીમાં એની હેસિયત બતાવી દીધી છે તો સામે કેન્દ્રની સત્તાધારી પાર્ટીએ બહુ જોર કાઢતી આમ આદમી પાર્ટીના હોઠ સુધી પહોંચેલો સત્તાનો પ્યાલો ખૂંચવી લેવાનું કૌવત પણ દાખવ્યું છે. ગોવામાં એ જ 'મોડસ ઓપરેન્ડી' વાપરીને પાંચ વર્ષ પૂર્વે વધુ ધારાસભ્યો ચૂંટાયા હોવા છતાં કોંગ્રેસને સત્તા નહોતી મળવા દીધી. મણિપુરમાં કોંગ્રેસ જ ભાજપમાં ભળી ગઈ હતી. ઉત્તરાખંડમાં ભાજપ પાસે હરીશ રાવત જેવો લોકપ્રિય અને સર્વમાન્ય નેતા નથી. ત્રણ ત્રણ વખત મુખ્યમંત્રીઓ બદલવા પડ્યા છે. કોંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે છિન્ન-ભિન્ન છે એમ ઉત્તરાખંડમાં પણ એના મુખ્યમંત્રીના ચહેરા તરીકે સ્થાપિત હરીશ રાવત વિરુદ્ધ કોંગ્રેસનાં જ બીજાં જૂથો સક્રિય છે. કોંગ્રેસની જૂથબંધી છતાં ભાજપની સરિયામ નિષ્ફળતા એના માટે સત્તાનો માર્ગ પ્રશસ્ત કરી શકે છે. મણિપુર હમણાં ઘવાયેલા વાઘ જેવી સ્થિતિમાં છે. લશ્કરી દળોએ ભૂલથી શંકાસ્પદ ગણીને નાગરિકોને વીંધી નાખ્યા એનું લોહી હજી સુકાયું નથી. લશ્કરને અપાયેલા વિશેષાધિકાર પાછો ખેંચવાની મણિપુર ભાજપ તથા મુખ્યમંત્રીની માગણી કેન્દ્ર સ્વીકારી શક્યું નથી. પંજાબમાં ખેડૂતો પણ રાજકીય મંચ બનાવી ચૂંટણી લડી લેવાનાં મૂડમાં છે. ગોવામાં આમ આદમી પાર્ટીએ પગપેસારો કરી દીધો છે. પંજાબમાં તો એ સત્તા મેળવી લે એવી શક્યતા વરતાય છે. આમ પાંચેય રાજયોમાં હાલ તો કોઈ ખોંખારીને કહી શકે એમ નથી કે પોતે જ સત્તા મેળવી શકશે. જો કે ચૂંટણી જાહેર થતાંની સાથે જ સમાજવાદી પાર્ટીના તરવરિયા અધ્યક્ષ અખિલેશ યાદવે ૧૦મી માર્ચે 'વિજય દિવસ' જાહેર કરી દીધો છે!

ખેતીની જમીન બિનખેતી થતા પ્રોપર્ટી કાર્ડ બનશે

રેવન્યુ રેકર્ડના ૭/૧૨ના ઉતારામાંથી બિનખેતીની જમીન કમી કરવામાં આવશે

ખેતીની જમીનને બિનખેતીમાં રૂપાંતરીત કરાવો ત્યારબાદ તુરંત જ જમીનના રેવન્યુ રેકર્ડ ૭/૧૨ તથા ૮—અ પત્રકમાંથી સરવે નંબર કમી કરી તેને પ્રોપર્ટી કાર્ડમાં રૂપાંતરીત કરી દેવામાં આવશે. અરજદાર દ્વારા જમીન મહેસૂલ અધિનિયમની કલમ—૬૫ મુજબ જીલ્લા કલેકટરશ્રીને ખેતીની જમીન બિનખેતીમાં રૂપાંતરીત કરવા માટે અરજી ઓનલાઈન કરવાની હોય છે. ગુજરાત સરકારના પાયલોટ પ્રોજેકટ દ્વારા આવરી લેવાયેલ બિનખેતીની અરજીમાં ગેરકાયદેસર રીતે થતો વિલંબ રાખવા તથા ઝડપી અરજનો નિકાલ થાય તે માટે ઓનલાઈન અરજી ખેડૂત તથા બિલ્ડર પાસેથી લેવામાં આવે છે. જેની સમય અવધી ૩૦ થી ૯૦ દિવસની રાખવામાં આવી છે. જુની શરતની ખેતીની જમીન હોય તો બિનખેતીમાં રૂપાંતરિત કરવામાં જમીન મહેસૂલ અધિનિયમની કલમ—૬૫ મુજબ જીલ્લા કલેકટરશ્રી દ્વારા મંજુરી આપવામાં આવે છે, પરંતુ નવી શરતની જમીન હોય તો બિનખેતીમાં ફેરવવા માટે સરકાર દ્વારા પ્રિમિયમ વસૂલ કરવામાં આવે છે. જે ૫ કરોડ સુધીની પ્રિમિયમ ભરવાની સત્તા જીલ્લા કલેકટરશ્રીને છે. ત્યારબાદ વધારાની કિંમતના પ્રિમિયમની સત્તા રેવન્યુ ડિપાર્ટમેન્ટને છે. ખેતીની જમીન બિનખેતી થયાની નોંધ ઈ—ધારા કેન્દ્ર ઉપર થતાં તેનું પ્રોપર્ટી કાર્ડમાં રૂપાંતરિત થતાં રેવન્યુ રેકર્ડમાંથી ખેતીની જમીનમાંથી આવા ખેતીના જમીનના સરવે નંબરને કમી કરવામાં આવશે. આ યોજનાનાં કારણે ખાનગી માલિકીની જમીનોમાં પ્રોપર્ટી કાર્ડનું રેકર્ડ જનરેટ થશે. જેનો લાભ નાગરિકોને મળશે.

શહેરોમાં મિલકતોનો સીટી સરવેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રોપર્ટી કાર્ડ બનતા આવા સરવે નંબરો કમી થતા તેને સીટી સરવે નંબરો કમી થતાં તેને સીટી સરવેમાં સમાવેશ કરવામાં આવશે. મકાનોમાં સીટી સરવેમાં પ્રોપર્ટી કાર્ડ નીકળે છે, પરંતુ જમીનોમાં ૭/૧૨ના રેવન્યુ રેકર્ડ ઉપર નાગરિકોએ ભરોસો રાખવો પડે છે. હવેથી બિનખેતીની જમીનને ૭/૧૨ના ઉતારામાંથી કમી કરતા આવા સરવે નંબરોની જમીનોનાં પ્રોપર્ટી કાર્ડ બનશે, જેનો લાભ મિલકત ધારણ કરતાને થશે. હાલમાં ખેતીની જમીનમાં એન.એ., એન.ઓ.સી. થયા બાદ બાંધકામનાં વેચાણ દસ્તાવેજની નોંધ માલિકીનાં નામે ૭/૧૨માં કરવાની બંધ કરતા માત્ર દસ્તાવેજ કે ઈન્ડેક્ષને જ માલિકીનો આધાર ગણવામાં આવે છે. હવે જમીનનાં પ્રોપર્ટી કાર્ડ બનતા માલિકીના આધાર પુરાવા પણ મળી શકશે. મિલકતોની વિગતો પ્રોપર્ટી કાર્ડમાં સમાવેશ કરવામાં આવશે. જેમાં વેચાણ દસ્તાવેજની ઈન્ડેક્ષની વિગતોનો ઉલ્લેખ કરવામાં આવશે. પ્રોપર્ટી કાર્ડ ના હોવાના કારણે કેટલાક કિસ્સામાં ખાનગી માલિકીની જમીનો અને મિલકતોમાં હકક ચોકસીના પ્રશ્નો ઉપસ્થિત થતાં હોય છે.

જમીન મહેસૂલ અધિનિયમની કલમ—૬૫ મુજબ ખેતીની જમીન બિનખેતીમાં રૂપાંતરિત કરતા જો સરકારનું હિત જમીનમાં સમાયેલ હોય તો નિયત કરેલ જંત્રી પ્રમાણેની ટકાવારી પ્રમાણેનું પ્રિમિયમ સરકાર દ્વારા વસૂલ કરવામાં આવે છે. ત્યારબાદ જ આવી જમીનોને બિનખેતીમાં રૂપાંતરિત કરવામાં આવે છે. ઝોન પ્રમાણે પ્રિમિયમના દરો અલગ અલગ નિયત કરેલ છે. રૂપાંતર કર વસૂલ કર્યા બાદ બિનખેતીની મંજૂરી જીલ્લા કલેકટર દ્વારા આપવામાં આવે છે. ત્યારબાદ હુકમની નકલ ઈ—ધારા કેન્દ્રમાં ખેતીની જમીનને બિનખેતીમાં ફેરવવાની નોંધ થતાં ૭/૧૨ના ઉતારામાંથી આવો સરવે નંબર રદ કરી તેનું પ્રોપર્ટી કાર્ડમાં હવેથી રૂપાંતર કરવામાં આવશે. જેથી નેશનલ બેંક્રો દ્વારા બિનખેતીની જમીનમાં બાંધકામ કરવામાં આવેલ હશે તો તેના બોજાની વિગતો પ્રોપર્ટી કાર્ડમાં દશાવવામાં આવશે. નેશનલાઈઝ બેંકોએ આવા ધિરાણ આપતા ''મોરગેજ ડીડ'' ને રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવવા ફરજીયાત બનશે. જેની નોંધ પ્રોપર્ટી કાર્ડમાં ઈ—ધારા કેન્દ્રમાં બોજાની નોંધ ઓટોમેટીક પડશે. જેથી ગ્રાહકો છેતરાશે નહિ કે બિલ્ડરો એક કરતા વધારે લોન યા ધિરાણ એક જ મિલકત ઉપર મેળવી એક યા વધારે લોકોને એક જ મિલકત વેચાણ કરી શકાય નહી, જેનો ફાયદો ખરીદનારને થશે. બેંકમાં પૈસા ભરપાઈ કરવામાં આતે ત્યારે ''મોરગેઝ રીલીઝ ડીડ'' રજીસ્ટ્રાર કચેરીમાં નોંધવામાં આવતા '' બોજા કામી '' ની નોંધ પણ ઈ—ધારા કેન્દ્રમાં બારોબાર પ્રોપર્ટી કાર્ડમાં નોંધવામાં આવશે અને બોજાની નોંધ પણ દૂર કરવામાં આવશે. હાલમાં આવી નોંધો રેવન્યુ અધિકારી દ્વારા પાડવામાં આવે છે. જુની શરતની ખેતીની જમીનને સીધી જીલ્લા કલેકટર કચેરી દ્વારા જ બિનખેતીમાં રૂપાંતરિત કરવામાં આવશે. પ્રિમિયમ રકમ વસૂલ કરવાની હોય તેવા કિસ્સામાં રેવન્યુ અધિકારીનો અભિપ્રાય મેળવ્યા બાદ જંત્રી પ્રમાણેની રકમ વસૂલ કયા બાદ જ આવી જમીન બિનખેતીમાં રૂપાંતરિત કરવામાં આવશે. હવેથી બિનખેતીના નંબરનો સિટી સરવે નંબર જનરેટ થઈ તેનું પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવશે.

દિન મહિમા

- વિશ્વ હિન્દી દિવસ વિશ્વભરમાં ભાષાને પ્રોત્સાહન આપવા માટે વિશ્વ હિન્દી દિવસ ઊજવાય છે. આ દિવસ ૨૦૦૬થી વિશ્વભરમાં ઊજવવામાં આવે છે.

આજનું
ઔષધ

- સૂંઠ, તજ અને ખડી સાકરનો ઉકાળો પીવાથી શરદી સળેખમ મટે છે

ખડખડાટ

- પહેલા દુકાનોમાં આવું લખેલું વાંચવા મળતું 'ગ્રાહક ભગવાન છે' ત્યારે ભગવાન હોવાની ફિલિંગ આવતી. હવે લખેલું હોય છે 'તમે કેમેરાની નજરમાં છો' હવે ચોર હોવાની ફિલિંગ આવે છે. 'રિશ્તા વહી સોચ નઈ.'

આજનો
વોટ્સએપ

- જિંદગીની સવાર રોજ નવી શરતો લઈને આવે છે અને સાંજ કંઈક અનુભવ દઈને જાય છે

આપણે જીવનમાં નાની-નાની ગેરસમજની ગૂંચને તરત ઉકેલી દઈશું તો સંબંધોની દોરી આજીવન સરળ રહેશે

તું પતંગ ને હું દોરી,
શું કામ કરવી કિન્નાખોરી?
ચાલ,
બંધાઈએ સ્નેહની ગાંઠે
ઊડી લઈએ પવનની સાથે...
આકાશમાં થોડું, ઉડી લઈએ...
ક્ષણનો સંગાથ, માણી લઈએ...
પેચના ખેલમાં, કપાઈ જઈશું,
હવામાં બંનેય, લટકી જઈશું!
ભરાઈશ તું,
તાર, ઝાડ કે ઝંડામાં,
અટવાઈશ હું,
લચ્છો, ગૂંચળું કે ફિકરીમાં...
માળીયે પુરાઈને મરવા કરતાં,
સંઘર્ષ કરીને કપાવું સારું...
પંખી બનશું, ગગનમાં ઉડશું
સહેલ માણશું, મોજ કરશું
બચાવીશું પંખીઓની જીવાદોરી!
ઉત્તરાયણની કેવી મસ્ત છે,
આપણી આ લવસ્ટોરી...
તું પતંગ ને હું દોરી...!

- સંજય થોરાત

આપણે ત્યાં ઉત્તરાયણ અને નવરાત્રી આ બંને તહેવારોનું વિશેષ મહત્ત્વ છે. નાના બાળકો અને નવયુવાનો તો એક મહિના અગાઉથી જ ઉત્તરાયણની મજા માણવા પોતપોતાના ધાબે ચડી જતા હોય છે. જાન્યુઆરી મહિનાથી શરુઆત થતા તો આપણે ઝાડમાં, તાર પર અને ઘરના ધાબામાં કે બાલ્કનીમાં કપાયેલા પતંગોની વણઝાર જોઈ જ શકીએ છીએ. દોરીથી બચવા ટુ-વ્હીલર્સ પર આગળ પ્રોટેકશન પણ નજરે પડતા જણાય છે. નાના-મોટા ગરીબતવંગર અને કોઈ પણ સંપ્રદાય કે પ્રાંતના લોકો પૂરા જોશ અને ઉત્સાહથી આ પર્વને મનભરીને માણે છે. ઉત્તરાયણના આ દિવસોમાં આકાશ તો રંગબેરંગી પતંગોથી એટલું મનમોહક લાગે કે જાણે કોઈ અન્ય દુનિયામાં આવી ગયા હોઈએ તેમ લાગે. રંગબેરંગી પંખીઓની ફેશન-પરેડ નિહાળી રહ્યા હોઈએ તેવું આફલાદક અને નયનરમ્ય દશ્ય હોય છે. સંજયભાઈ થોરાતની જેમ આપણે સૌ પણ હંમેશા પતંગની જેમ મુક્ત ગગનમાં વિહરવાના સ્વપ્નો સેવતા હોઈએ છીએ.

રંગબેરંગી પતંગનો આ મહોત્સવ આપણને જીવનના ઘણા ગૂઢ રહસ્યો સમજાવી જાય છે. પતંગ અને દોરીની જુગલબંધીની જેમ જીવનમાં જરુરી છે સંબંધોની જુગલબંધી. એ જુગલબંધી જો બરાબર જામી જાય તો ભલભલા સંઘર્ષોના પેચ કાપતી આપણી પતંગ વિજયપતાકા સમાન હવામાં લહેરાતી રહે છે. જો કે, જીવનનું સમાનત સત્ય આપણે સૌ જાણીએ છીએ તેમ કપાવું જ છે માટે હવામાં ઝૂમીએ, ઊડીએ અને પળેપળનો વધુમાં વધુ આનંદ લૂંટી લઈએ આજના આ cut throat competitionના યુગમાં સૌને પોતાનો પતંગ હવામાં સૌથી ઊંચે લહેરાતો જોવાની અપેક્ષા છે. પણ સતત ટોચ પર રહેવું એ સાવ અશક્ય બાબત છે. પવનની ગતિ, કિન્નાની પકડ, ફિરકીની અસર, દોરીની ગુણવત્તા આ તમામ બાબતોના સહિયારા પ્રયાસથી પતંગ આકાશમાં ઊંચે તો જતી રહે છે પણ વચ્ચે વચ્ચે હાથથી તેને ઠુમકા મારવા પડે, કોઈ પેચ લડાવે ત્યારે ઢીલ મૂકવી કે ખેંચીને કાપી કાઢવો એ બાબતની પણ કાળજી રાખવી પડે અને ખેંચી લીધા બાદ જો પતંગ કપાઈ પણ જાય તો વધેલી દોરીને કાળજીપૂર્વક લપેટવી કઈ રીતે, એ પણ ખૂબ અગત્યની બાબત છે. જીવનરુપી આ મેળામાં સંબંધોમાં કોઈ નાની-સરખી પણ ગૂંચ ન પડે તેની સાવચેતી રાખવી, ઢીલ મૂકવી એટલે કે જતું કરવાની ભાવના રાખવી અને ખેંચી કાઢવું એટલે કોઈ કારણસર પેચ લડી ગયા બાદ અહેસાસ થાય કે અહીં ખોટા ફસાઈ ગયા તો ઝડપથી તેમાંથી બહાર આવી જવું હિતાવહ છે.

પતંગ જે રીતે હવામાં ઉપર-નીચે લહેરાય છે તે દર્શાવે છે જીવનના ups and downs. ઉપર હવામાં ખૂબ ઊંચે ચગતા પતંગની જેમ જયારે કોઈ વ્યક્તિ સમાજમાં ઉત્તરોત્તર પ્રગતિ કરવા લાગે ત્યારે જો તે પોતાનો મૂળ સ્વભાવ ભૂલીને અહંકારી બની જાય તો આપણે ઘણા લોકોના મોઢે સાંભળીએ છીએ તેમ બહુ ચગ્યો છે એટલે હવે કપાશે એ વાત લાગુ પડે છે. રાતોરાત સફળતાની ટોચ પર પહોંચેલી વ્યક્તિએ સતત યાદ રાખવું કે જેમ એકાએક ટોચ પર પહોંચી જવાયું છે તેમ એક જ સેકન્ડના પલકારામાં પાઈને કોઈ તાર પર અકાળે લટકી જવું પડે તેમ પણ બને. માટે પદ્ધતિસર અને સંઘર્ષ કરીને ઉપર પહોંચવું અને આ રીતે ઉપર પહોંચ્યા બાદ ઊંચાઈનો આનંદ માણવાની સાથોસાથ નમ્રતા અને વિવેકપૂર્વક ધીમે-ધીમે નીચે ઉતરતા જવાથી કપાઈ જવાના જોખમથી બચી શકાય છે. ઉત્તરાયણના આ પર્વમાં તલસાંકળીની લિજ્જત માણવાની સાથે સાથે જીવનમાં દરરોજ એક તલમાત્ર જેટલી ઉત્તરોત્તર પ્રગતિ કરીએ તો પણ આરામથી આપણા લક્ષ્ય સુધી પહોંચીને સફળતાનો આનંદ માણી શકીએ. સંબંધોની દોરીમાં કોઈ ગૂંચ ન પડી જાય તેનો ખાસ ખ્યાલ રાખવાનો છે અને ધારો કે એકાદ ગાંઠ પડી જાય તો તેને ત્યારે જ ઠીક કરીને ફિરકીમાં દોરીને ફરીથી લપેટી લેવાથી વધુ ગૂંચવાડો થતો અટકાવી શકાશે. આપણે જીવનમાં આવી નાની-નાની ગેરસમજપી ગૂંચને તરત ઉકેલી દઈશું તો સંબંધોની દોરી આજીવન સરળ રહેશે. તો આવો, પતંગ અને દોરીની આ લવસ્ટોરીને જાણીએ, માણીએ અને તેને ઊંડાણપૂર્વક સમજીને તેનું જતન કરતાં પણ શીખીએ.

લાસ્ટ સીન

એક મસ્ત પતંગ જેવા છોકરાની સાથે
એક મજાની છોકરીની કિન્ના બંધાય
પછી mobileનુ આભ અને
whatsapp નો વાયરો
ને સતરંગી massageની દરિયુ રંગાય
એમ હૈયે ઉડવાનો અવસર ઉજવાય
onlineથી **online**ના પેચ
રોજ લાગે
ધરપતની ઢીલ હૈયુ
કેમ કરી રાખે
મનના માંજાનો મુંજારો એવો કે
network વિના તો સાવ એકલતા લાગે
4Gની speed મા ધડકે છે ઉર
ને આંખ્યુમા વોતોનો વંટોળ ફૂંકાય
એમ હૈયે ઉડવાનો અવસર ઉજવાયપ.

- કિરણ જોગીદાસ

- nehalgadhavi101@gmail.com

આને કહેવાય 'સ્વચ્છ વતનપ્રેમ' : એનઆરઆઈ રામજીભાઈ પટેલની સફાઈ ઝુંબેશ અને અનોખી સમાજ સેવા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સને ૨૦૧૫માં અમેરિકા ગયા ત્યારની વાત. અમેરિકાના ખૂણે ખૂણેથી તેમને મળવા લોકો આવેલા. લોસ એન્જેલસ (કેલિફોર્નિયા)થી રામજીભાઈ પટેલ નામના એક અનોખા વતનપ્રેમી તેમને મળવા આવેલા. તેમનો નરેન્દ્રભાઈ સાથે ઘણો જૂનો નાતો. તેમને ત્રણ મિનિટ ફાળવવામાં આવી હતી. સંબંધિત અધિકારીઓએ રામજીભાઈને ત્રણ મિનિટ પછી જવાનો (કડક) ઈશારો કર્યો. જોકે નરેન્દ્રભાઈએ અધિકારીઓને ઈશારો કરીને ધીરજ રાખવા કહ્યું. વિષય પણ નિરાંતે વાત કરવી પડે તેવો જ હતો. વર્ષોથી માદરે વતન ગુજરાતમાં જાતે જ સફાઈ ઝુંબેશ ચલાવતા રામજીભાઈ ઊંઝા અને વડનગરનાં ગામોમાં જૈફ વડીલો માટે ઊભાં સંડાસ બનાવવા માગતા હતા અને એ પ્રોજેક્ટની વિગતો લઈને વડાપ્રધાનને મળવા આવ્યા હતા.

વડાપ્રધાન મોદીને રામજીભાઈની નિષ્ઠા અને નિસબત માટે ખૂબ જ માન. તેઓ વર્ષોથી તેમને ઓળખે. તેમણે આખો પ્રોજેક્ટ શાંતિથી સાંભળ્યો અને કહ્યું કે ખરેખર આ કરવા જેવું છે. તમે જરૂર કરો.

વિચાર તો કરો... ભારતનો વડાપ્રધાન - અમેરિકાની ભૂમિ પર સંડાસના પ્રોજેક્ટ વિશે વિગતવાર વાત કરે છે અને તે પણ પૂરી અને પાકી ગંભીરતાથી ! આખી દુનિયાની શ્રેષ્ઠ કંપનીઓના સીઈઓને સંબોધન કરવા જેટલું જ મહત્ત્વ તેમના માટે ઊભાં સંડાસના પ્રોજેક્ટનું ! (નરેન્દ્ર મોદીને જે લોકો માત્ર મીડિયા દ્વારા ઓળખે છે તેમને નરેન્દ્રભાઈનાં આવાં અનેક રચનાત્મક પાસાંઓની ઓછી ખબર છે.)

જેમના મનમાં આવો નોખો પ્રોજેક્ટ આવ્યો તે રામજીભાઈ પટેલ પણ અનોખા માણસ છે. વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા છે, પણ તેમનું હૃદય ભારત માટે, ગરીબો માટે, ગ્રામજનો માટે ધબકે છે. હિંદુ ધર્મને સાચા અર્થમાં ચાહે છે એટલે હિંદુ ધર્મ જીવે પણ છે. તેઓ ગૃહસ્થી સન્યાસી છે. તેઓ એક સંત જેવું જીવન જીવી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં રાષ્ટ્રવ્યાપી ''સ્વચ્છતા અભિયાન'' શરૂ કર્યું તેના પાયામાં આ રામજીભાઈ પટેલ છે. થયું એવું કે મૂળ ઊંઝાના રામજીભાઈ પટેલ વર્ષોથી વતન ઊંઝામાં આવે એટલે અચૂક સફાઈ ઝુંબેશ કરે. જાતે જ ઊંઝા નગર વાળે. કોઈ એનઆરઆઈ પોતે આ રીતે સફાઈ કરતો હોય તેવું જવલ્લે જ બને !

૨૦૦૯માં તેમણે માદરે વતનમાં સફાઈ ઝુંબેશ કરી તેનો વિગતવાર અને સતસવીર લેખ અમેરિકાથી પ્રકાશિત થતા એક સાપ્તાહિકમાં છપાયો. રામજીભાઈ પટેલ એ વખતે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળવા ગયા ત્યારે એ સાપ્તાહિકનો અંક લઈને ગયા. નરેન્દ્રભાઈએ લેખ જોયો - વાંચ્યો અને રામજીભાઈને અભિનંદન આપ્યાં. એ પછી ૨૦૧૫માં વડાપ્રધાન તરીકે તેમણે મહાત્મા મંદિરમાં પ્રવચન આપતાં કહ્યું કે મને 'સ્વચ્છતા અભિયાનહ્નની પ્રેરણા એનઆરઆઈ રામજીભાઈ પટેલમાંથી મળી હતી. તેમણે જ્યારે મને લેખ બતાવ્યો હતો ત્યારે જ મારા મનમાં વિચાર આવ્યો હતો કે જો એક એનઆરઆઈ છેક અમેરિકાથી આવીને આપણા દેશને સાફ કરી શકતો હોય તો આપણે પોતે આપણા દેશને શા માટે સાફ ના કરી શકીએ ?

રામજીભાઈ સાદા, સીધા અને સરળ માણસ છે. તેઓ જમીન સાથે જોડાયેલા છે. વર્ષોથી વતનપ્રેમનાં અનેક સદ્?કાર્યો કરી રહ્યા છે. તેમને પાયાનાં કાર્યો કરવાનું ગમે છે. ગામડાંના લોકોની તકલીફને તેઓ જોઈ શકતા નથી. તેમનાં જીવનસાથી વિદ્યાબહેન તેમને દરેક કાર્યમાં પૂરતો સહયોગ આપે છે.

અત્યારે રામજીભાઈ ઊંઝા તાલુકામાં જરૂરિયાતમંદોને અમેરિકન સ્ટાન્ડર્ડ મુજબ ઊભાં ટોયલેટ બનાવી આપે છે. જે વ્યક્તિને બેસવા-ઊઠવાની તકલીફ હોય અને પરિવાર અત્યંત ગરીબ હોય તેને ટોયલેટ બનાવી આપે છે. એક ટોયલેટ ૩૦થી ૩૫ હજારનું બને છે. તેમણે અનિલભાઈ પટેલ નામના એક સદ્ ગૃહસ્થને આ પ્રોજેક્ટની જવાબદારી સોંપી છે. સુણોક ગામથી શરૂ થયેલું આ કામ પળી, કામલી, શીહી વગેરે ગામમાં ચાલી રહ્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે રામજીભાઈ પટેલ ગાંઠને પૈસા આ પ્રોજેક્ટ ચલાવી રહ્યા છે. તેઓ સમાજ પાસેથી એક પણ પૈસો લેતા નથી. તેમણે લાખો રૂપિયાના ખર્ચે સંખ્યાબંધ ઊભાં સંડાસ બનાવ્યાં છે અને તે કામ નિરંતર આજે પણ ચાલુ છે.

૨૦૨૦-૨૧માં કોરોનાએ અનિલભાઈને પણ પોતાની ઝપટમાં લઈ લીધા હતા. અમેરિકામાં બેઠા બેઠા રામજીભાઈએ અનિલભાઈની તમામ સારવાર કરાવી. આવી છે તેમની સંવેદના ! આવી છે તેમની કરુણા !

સેવા, સમર્પણ, ત્યાગ અને આધ્યાત્મિક મૂલ્યોને વહેલા શ્રી રામજીભાઈ પટેલ ભૌતિક માયાજાળના વિરોધી છે. અમેરિકા કે ડોલર તેમના આત્માને અભડાવી શક્યાં નથી. તેઓ નખશીખ ભારતીય છે. બીજા માટે જીવનારા રામજીભાઈ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિરછત્ર બનાવીને વતન માટે અનેક સેવાકાર્યો કરી રહ્યા છે. ઊંઝાના ગોપાળભાઈ થોભણભાઈ પટેલને તેઓ પોતાના ગુરૂજી માનતા. તેમનું જીવન અનેક આરોહ-અવરોહથી ભરેલું છે. અનેક સંઘર્ષ અને પડકારોનો સામનો કરીને તેઓ સફળ થયા છે. તેઓ પોતાના માદરે વતન માટે વધુને વધુ કંઈ કરવા ઝંખે છે.

અમેરિકાની ભૂમિ પર પણ તેમણે અનેક સદ્કાર્યો કર્યાં છે. તેઓ દુ:ખીઓનો સાચો આધાર છે. લોસ એન્જેલસમાં ક્યાંય કોઈનું મૃત્યુ થયું હોય તો રામજીભાઈ ઉપર જ પહેલો ફોન આવે. તેઓ તરત અંતિમ સંસ્કારની વિધિ માટે દોડીને જાય. તેઓ એકલ વિદ્યાલય સહિતનો ઘણી યોજનાઓ સાથે જોડાયેલા છે. પૂજ્ય સાધ્વી ઋતુંભરાજીની નિશ્રામાં પણ અનેકવિધ કાર્યો કરી રહ્યા છે. હમણાં આઠમી જાન્યુઆરી, ૨૦૨૨, શનિવારના રોજ ઊંઝામાં દીદી ઋતુંભરાજીના સાનિધ્યમાં રામજીભાઈ પટેલનું ભવ્ય અભિવાદન થયું હતું.

તેમના વિશે ડોંગરેજી મહારાજે કહ્યું હતું કે આ નાનો છોકરો જેને પંખા નાખીને સેવા કરે છે તેના અંતરની પ્રસન્નતા જોતાં મને લાગે છે ભાવિમાં આ છોકરો સાધુ જીવન જીવશે. તો વિનોબા ભાવેએ કહ્યું હતું કે આ નાનો રામજી ઉઘાડા પગે ચાલે છે, ને તેના હૃદયમાં બીજાને ઉપયોગી થવાની ઉમદા ભાવના પડી છે. આવા છોકરાના ઘરે મારે જવું જોઈએ.

(ભારતમાં ઊભાં સંડાસના પ્રોજેક્ટની જવાબદારી સંભાળતાં અનિલભાઈ પટેલનો ભારતનો સંપર્ક નંબર: ૯૯૭૯૮ ૭૬૪૩૦)

ગોધૂલિ:

ભારતમાં જે લોકો ગંદકી કરે છે તેમને સવર્ણ વર્ગ અને જે સફાઈ કરે છે તેને હલકો વર્ગ માનવામાં આવે છે. કેવી વિરોધીતા ! કેવી વિડંબણા !